જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૫/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૪૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૪૫૭ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ બીયરટીન,૦૧ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ સમાચાર યાદી નં.૭૫૦/૨૦૨૩

**રખિયાલઃ** મોહંમદશબ્બીર મોહંમદઆલમ શેખ (ઉ.વ.૩૦)(રહે.ઘાંચીની ચાલી, મોનોગ્રામ મીલની પાછળ, મચ્છી માર્કેટ રોડ, રખિયાલ) એ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧)ફૈઝાન ફરીદભાઇ અજમેરવાલા (રહે.મ્યુનિસિપલ લેબર કવાટર્સ, કાંચની મસ્જીદની બાજુમાં, એ.એમ.ટી.એસ. વકર્સ શોપની પાસે, જમાલપુર) અને (૨) અબ્દુલલતીફ ઉર્ફે બબલુ લીયાકતહુશેન શેખ (રહે.વટવા) એ ભેગામળી રખિયાલ, આદર્શ એસ્ટેટમાં આવેલ મોહંમદશબ્બીરની "મોના ઇલેક્ટ્રીક" નામની દુકાન ખાતે થી તાંબાનો ભંગારનો જથ્થો ૧૯૦ કિલો, કુલ કિંમત રૂપિયા ૧,૪૨,૫૦૦/- મતાનો લઇ જઇ તે પેટે મોહંમદશબ્બીરને રૂપિયા નહી ચુકવી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.ભરવાડ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૫૧/૨૦૨૩

**દાણીલીમડાઃ** મહંમદકલીમ સલીમભાઈ રંગરેજ (ઉ.વ.૨૨)(રહે.મહેર રો-હાઉસ, આલા હજરત મસ્જીદની બાજુમા, ન્યુ ફૈશલનગર દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૩ સાંજના ૪/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાનો હાર કિંમત રૂપિયા ૨૫૦૦૦/-, કાનની બુટી નંગ-૦૨ કિંમત રૂપિયા ૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૨૯,૫૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૫૨/૨૦૨૩**

**રામોલઃ** ઉત્તમકુમાર હજારીમલ પ્રજાપતી (ઉ.વ.૩૮)(રહે.સીધેશ્વરપાર્ક સોસાયટી સીંધવઈ માતાના મંદીર પાસે, સીટીએમ રામોલ) એ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૯/૦૪/૨૦૨૩ ના કલાક ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાની કારમાં પોતાના મિત્ર આરોપી ભિખુ જીગરભાઈ સુરાણી (રહે.જનતાનગર રામોલ) સાથે અમદાવાદ સીટીએમ થી રાજસ્થાન શ્રીનાથજી સુધીની મુસાફરી કરી હતી. જે મુસાફરી દરમ્યાન આરોપી ભિખુ સુરાણીએ ઉત્તમકુમારની નજર ચુકવી તેમના કપડાના થેલામાંથી સોનાની રણી નંગ-૨ કિંમત રૂપિયા ૫,૯૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૫૩/૨૦૨૩**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** સુરેશભાઇ કાંતીભાઇ પરમાર (ઉ.વ.૬૦)(રહે.ભગવાનદાસની ચાલી મહેંદીકુવા માધુપુરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૩ સાંજના ૪/૨૦ વાગ્યા પહેલા નારણઘાટ વોક-વે ઘાટ નંબર-૦૩ પાસે સુભાષબ્રીજ નીચે નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વસંતકુમાર કકવાજી ચલાવે છે.

**શાહીબાગઃ** સુજલભાઇ વિક્રમભાઇ પટણી (ઉ.વ.૧૭)(રહે.કડીયાની ચાલી સંતોષી માતાના મંદિર સામે અસારવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૩ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે બાલભારતી સ્કુલ પાસે પંમ્પીગ સ્ટેશન સામે ઝાડ સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા કલાક ૧/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલકુમાર કાંતીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી